**આંક–૦૧ અન્વયે હુકમઃ–** **ફોજદારી કેસ નં.૮૩૯૪૭/૨૧**

(૧) નામદાર ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સાહેબશ્રી, અમદાવાદના નોટીફીકેશન નં.૦૫/૨૦૨૧ ના હુકમ મુજબ આજરોજ યોજાયેલ સ્પેશયલ સીટીંગ ઓફ મેજિસ્ટ્રેટમાં કામ હાથ પર લીધું. સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, સી.આર.પી.સી.કલમ–૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ એફ.આઈ.આર.ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂઘ્ધ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ ઘ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ.પી.સી.ની કલમ–૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) **સી.આર.પી.સી. કલમ–૧૯૫** મુજબ આઈ.પી.સી.ની કલમ–૧૭૨ થી ૧૮૮(બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ સંલગ્ન જાહેર સેવક ઘ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા અધિકારીની લેખિત **<u>ફરિયાદ વગર લઈ શકાય નહિ.</u>** એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઈ રહેલ છે.

(૩) **ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી)** માં પણ એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તે ફરિયાદ કરી શકે અથવા કોઈ વ્યકિત આવા ગુન્હા સંબંધે ફરિયાદ કરવા માંગે છે તેવા ઈરાદા સાથે નિયત કરેલા નમુનામાં ૩૦ દિવસથી ઓછા સમયની ન હોય તેવી નોટિસ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તેને આવી નોટિસ આપ્યા બાદ ફરિયાદ કરી શકે છે આ જોગવાઈઓનું પાલન કર્યા વગર અદાલત ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકતી નથી. હાલના કેસમાં કોઈ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તેને ડીઝાસ્ટર મેનેજમેન્ટની કલમ–૬૦ ના કલોઝ(એ) મુજબની કોઈ ફરિયાદ કરવામાં આવેલ નથી કે અન્ય કોઈ વ્યકિતએ આ અધિનિયમની (બી) મુજબની પ્રક્રિયા કર્યા ફરિયાદ કરેલ નથી. આમ સદર કાયદાની ફરજિયાત જોગવાઈઓનું પાલન આ કેસમાં થયેલ નથી.

(૪) નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા **જયવંતસિંહ ફલજીભાઈ વિરૂઘ્ધ ગુજરાત રાજય** ના કેસમાં તારીખ ૦૯/૧૨/૨૦૦૩ ના ચુકાદામાં "**<u>આઈ.પી.સી.ની કલમ –૧૮૮ કોગ્નીઝેબલ હોવાનું નામદાર અદાલતે અવલોકન કરેલ છે.</u>**" કોગ્નીઝેબલ ગુન્હો એટલે કે જેમાં પોલીસ વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે તેવો ગુન્હો પરંતુ સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ માં આ સામાન્ય જોગવાઈમાં કલમ–૧૯૫ થી **<u>સામાન્ય બાધ</u>**(અપવાદ) કરવામાં આવેલ છે તેમાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, આઈ.પી.સી. કલમ –૧૭૨ થી ૧૮૮(બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારે જ લઈ શકાય કે જયારે સંલગ્ન જાહેર સેવક ઘ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સ ેવકના ઉપલા અધિકારી) ની **<u>લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહિ.</u>** આમ એકમાત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસના સત્તા રહેલી હોય એટલા માત્રથી સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ ની ફરજિયાત જોગવાઈનો બાધ નડે નહિ તેવું માની શકાય નહિ.

(૫) નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો 1999(1) G.L.H. 203 **Ramji Bhikha Koli & Ors. Versus State of Gujarat** (FOR QUASHING & SET ASIDE FIR/ORDER) NO.24632 OF 2015, **GOVARDHANKUMAR THAKORDAS ASRANI** Versus **STATE OF GUJARAT** તેમજ R/SPECIAL CRIMINAL APPLICATION NO.4105 OF 2017 **MOHAMADMOHSIN MOHAMADIRFAN CHHALOTIYA** Versus **STATE OF GUJARAT** ઘ્યાને લેતાં પણ ઈ.પી.કો.ની કલમ ૧૮૮ નાં ગુના સંબંધે ક્રિ.પ્રો.કોડની કલમ ૧૯૫ નો બાધ ઘ્યાને લેતાં તેમાં કાયદા મુજબની પ્રક્રિયા અપનાવામાં આવેલ ન હોવાનું સ્પષ્ટ થાય છે.

(૬) નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓ–(૧) **એમ.એસ.અહલ્લાવત વિરૂઘ્ધ હરિયાણા** એ.આઈ.આર.૨૦૦૦(સુ.કો.) પેજ નં.૧૬૮, (૨) **દોલતરામ વિરૂઘ્ધ પંજાબ રાજય** એ.આઈ.આર.૧૯૬૨(સુ.કો.) પેજ નં.૧ ૨૦૬, (૩) **બબીતાલીલા વિરૂઘ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા** એસ.એલ.પી.(ક્રિમિનલ) ૧૪૭૪/૨૦૧૨, (૪) **મુનીઅપ્ન અને બીજા વિરૂઘ્ધ તમીલનાડુ રાજય** ક્રિમિનલ અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે (૧) **બેચરવાલા વિરૂઘ્ધ ગુજરાત રાજય** ક્રિમિનલ મીસીનીયસ અપીલ નં.૫૦૯/૨૦૦૧, (૨) **કાનજીભાઈ બબલદાસ પટેલ વિરૂઘ્ધ ગુજરાત રાજય**

ક્રિમિનલ મીસીનીયસ અપીલ નં.૩૪૮/૧૯૯૫, (૩) **અરૂણધતી ભટ્ટાચાર્ય વિરૂધ્ધ ગુજરાત રાજય** ક્રિમિનલ મીસીનીયસ અપીલ નં.૧૭૨૮૬/૨૦૧૭, (૪) **ગોવરધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ ગુજરાત રાજય** ૨૦૧૮ (૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ ના કેસ લોમાં એવું હેલ્ડ કરવામાં આવેલ છે કે, The provision of Section 195 Cr.P.C are mandatory and Non-compliance of it would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void abinitio being without jurisdiction. નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે **હલ્લાશેવ વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય** ક્રિમિનલ એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, " We are of the opinion that allowing the prosecution to continue would be nothing but an abuse of the process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R. against an accused based on the police report "

(૭) નામદાર સુપ્રિમકોર્ટ **પંકજ અગ્રવાલ વિરૂધ્ધ દિલ્લી રાજય** ૨૦૦૧ (૩) ક્રાઈમ્સ (સુપ્રિમકોર્ટ) પેજ નં.૩૬૧ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ **કાંધલ સરમણ જાડેજા વિરૂધ્ધ ગુજરાત રાજય** ૨૦૧૯ (૨) જી.એલ.આર.પેજ નં.૧૪૬૨ ના ચુકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે, જયારે ગુન્હા અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પીલીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગજ ગુન્હો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુન્હાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુન્હાને સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ નો બાધ નડતો નથી પરંતુ, જયારે થયેલ ગુન્હા એકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટરકનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુન્હામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી. કલમ–૧૯૫ છે અને આવા ગુન્હાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, કમિશનરશ્રીના જાહેરનામાના ભંગ થતાં ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ ગુન્હા થયેલ છે તેવો પોલીસનો કેસ છે કેસની વિષય વસ્તુ ધ્યાન સમક્ષ રાખતા આ ગુન્હાઓ એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટ સંકળાયેલા છે, એવી રીતે ઈન્ટર કનેકટેડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી આથી નામદાર સુપ્રિમકોર્ટે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત પેરામાં દર્શાવેલા ચુકાદાઓમાં કરવામાં આવેલ અવલોકનો ધ્યાને લેતાં હાલના કેસમાં સી.આર.પી.સી.કલમ–૧૯૫ ની કાયદાકીય ફરજિયાત જોગવાઈનો બાધ નડે છે આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટી બાજુએ સરકયુલર નં.ડી.૨૯૧૨–૧૩/૨૦૧૭, તા.૨૯/૦૭/૨૦૧૭ થી વહીવટી સુચના પણ આપેલી છે આમ છતાં આ કાર્યવાહી ચલાવવામાં આવે તો તે હકુમત વિનાની સમગ્ર કાર્યવાહીને દુષિત કરતી અનિયમિતતાઓ સી.આર પી.સી.કલમ–૪૬૧(આઈ) મુજબ ગણાય છે જે void ab-anitio ગણાય છે.–નામદાર સુપ્રિમકોર્ટે કે.પ્રભાકર રાવ વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮(૧) જી.એલ.એચ.પેજ નં.૬૩ તેમજ રેણુકા વિરૂધ્ધ કર્ણાટકા રાજય ૨૦૧૯ ક્રિમિનલ લો–જનરલ ૨૨૪૫(સુપ્રિમકોર્ટ) ના ચુકાદા ધ્યાન સમક્ષ રાખી હાલના કેસમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજ રોજ યોજવામાં આવેલ સ્પેસીયલ મેજિસ્ટ્રીયલમાં જાહેર કરવામાં આવેલ છે.

**–: હુ ક મ :–**

સી.આર.પી.સી.કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી.ની કલમ–૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૫૧(બી) મુજબના ગુન્હાની **કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.**

અધિકૃત ઓથોરીટીને સી.આર.પી.સી.ની કલમ ૧૯૫(૧) મુજબ યોગ્ય કાર્યવાહી કરવાની સ્વતંત્રતા રહેશે (એટલે કે, ફરી કેસ દાખલ કરી શકશે).

આ હુકમ આજ **તા.૧૧ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૧** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧ / ૦૯ / ૨૦૨૧
મુ.અમદાવાદ.

(ડો.રાહુલ એન.કરનાની)
એડીશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૫,અમદાવાદ.

**CODE NO. GJ01080**